બંધારણને સળગાવનાર સામે કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

તાજેતરમાં દિલ્હી જંતર-મંતર ખાતે કેટલાક અસામાજીક તત્વો દ્વારા ભારતીય બંધારણને સળગાવવાનો હિન પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તત્વો આટલાથી ન અટકતા ભારતના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકર વિષે અભદ્ર ટીપ્પણી કરતા હોવાનો વિડીયો પણ વાયરલ થયો છે. ત્યારે આ અસામાજીક તત્વોના દુષ્કૃત્યથી સમગ્ર ભારત વર્ષમાં અનુસુચિત જાતિના નાગરીકોની લાગણી દુભાઈ છે. ત્યારે દલિત અધિકાર સંઘ ગુજરાત દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી અસામાજીક તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ઉગ્ર રજુઆત કરી છે.

રાજયભરની અનુસૂચિત જાતિ-જનજાતિના સમાજની વર્તમાન સમયમાં જયારે સમરસતાનું વાતાવરણ ઉભુ થઈ રહ્યું ત્યારે આવા અસામાજીક ત્તત્વો દ્વારા ગુન્હાહિત પ્રવૃતિ કરીને સમાજમાં અસમાનતા ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે. આથી દલિત અધિકાર સંઘ ગુજરાત આ બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢે છે. ઉપરોક્ત વિગતે વાયરલ થયેલા વિડીયોમાં જે તત્વોએ બંધારણ સળગાવવાનો પ્રયાસ કરી સમરસ વાતાવરણને ડહોળવાનો પ્રયત્ન કર્યો છે. તેવા અસામાજીક તત્વો સામે તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી સખત પગલા લેવામાં આવે માટે ગાંધીનગર જિલ્લા કલેકટરને દલિત અધિકાર સંઘના મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ફકીરભાઈ વાઘેલા તેમજ સંસ્થાના હોદેદારોએ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

અંતિમ દર્શન : પૂર્વ પ્રધાન મંત્રી અટલ બિહારી વાજપેયીના અંતિમ દર્શન માટે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સ્મૃતિ સ્થળે પહોંચ્યા હતા. અંતિમ દર્શન કર્યા હતા.

મોડાસાના અણદાપુર ગામે પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન બાબતે ગ્રામજનોનો શિક્ષણનો બહિષ્કાર

મોડાસા, તા. ૧૭

મોડાસા તાલુકાના અણદાપુર ગામે ગ્રામજનોએ મધ્યાહન ભોજનના સંચાલકમાં સ્થાનિકની નિમણુંક કરવાની માંગ સાથે મીડ ડે મિલના સંચાલક દ્વારા બાળકોને મધ્યાહન ભોજન રાજયસરકારે જાહેર કરેલા મેનુ પ્રમાણે આપવામાં આવતું ન હોવાની સાથે મધ્યાહન ભોજનમાં ગુણવત્તા જાળવવામાં આવતી નથી અને બાળકોને હલકી કક્ષાનું ભોજન પીરસવામાં આવતું હોવાના આક્ષેપ સાથે શાળામાં અભ્યાસ કરતા બાળકોને શાળાએ ના મોકલી શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને જ્યાં સુધી મધ્યાહન ભોજન સંચાલક તરીકે સ્થાનિકને નહિ મુકવામાં આવે ત્યાં સુધી બાળકોને શાળાએ નહિ મોકલવાનો નિર્ણય કરી વાલીઓ શાળામાં પહોંચી શિક્ષકો આગળ રજુઆત કરતા શિક્ષકો દ્વારા વાલીઓને સમાજવાવના પ્રયત્નો હાથધર્યા હતા પ્રાથમિક શાળાના પ્રવેશદ્વાર આગળ બેસી ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો હાલ પ્રાથમિક શાળાઓમાં વિદ્યા મિશન ચાલુ છે ત્યારે વિદ્યાર્થીઓ ના અભ્યાસને અસર પાડવાની ચિંતા કર્યા વગર વાલીઓ તેમની માંગ પર અડગ રહેતા જીલ્લાના શિક્ષણ જગતમાં ચકચાર મચી હતી.

ચિલોડા પંથકમાં લાંબા વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના ગામોમાં ખરીફ પાક તરીકે મુખ્યત્વે કપાસ, મગફળી, ડાંગર, જુવાર, શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. ત્યારે ૧૯મી જુલાઈએ હળવુ ઝાપટા બાદ મેઘરાજાના લાંબા રિસામણાં બાદ હવે તા. ૧૭મી ઓગષ્ટ શુક્રવારના રોજ વહેલી સવારે આગાહી પ્રમાણે મેઘ પધરામણીની એન્ટ્રી થતાં સુકાતાં ઉભા મહામુલો પાકને જીવતદાન મળતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરવા પામી છે. જ્યારે અસહ્ય ગરમી ઉકળાટ બાદ વરસાદના આગમનથી ઠંડકની લહેરથી લોકોમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે. ખેતરોમાં સુકાતા પાકને બચાવવા ખેડૂતો પિયત બોર દ્વારા અથાક પ્રયત્નો તેમજ મેઘરાજાને મનાવવા ઠેર ઠેર રામધૂન, પર્જન્ય યજ્ઞ, મેહુલિયો, ભજન-કિર્તનના કાર્યક્રમો થકી મેઘરાજાની પધરામણી થતાં લોકોમાં આનંદ-ઉલ્લાસ સંતોષની લાગણી જાગી હતી.

આમ ખેડૂતોના હૈયે હજુ વધુ વરસાદ વરસે તેવી પ્રબળ મહત્વાકાંક્ષા સેવાઈ રહી છે. પરીણામે પાણીની અછત તથા ઘાસચારાના પ્રશ્નમાં રાહત પુરવાર થાય તેવી ઈચ્છા વ્યક્ત થઈ રહી છે. મગફળીના પાક માટે મઘા નક્ષત્રનું વરસાદી પાણી વધુ અનુકૂળ હોવાનું ખેડૂતો માની રહ્યા છે.

દાદા ભગવાન પરિવાર દ્વારા આપ્તપુત્ર સત્સંગનું આયોજન

દાદા ભગવાન પરિવાર દ્વારા આપ્તપુત્ર સત્સંગનું આયોજન આગામી તા. ૧૯ ઓગસ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧ કલાક દરમિયાન સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. સત્સંગમાં સર્વે ભાઈઓ અને બહેનોને લાભ લેવા ફાઉન્ડેશનના રમેશભાઈ સોંદરવાએ અનુરોધ કર્યો છે.

સોમવારે નરેશ કનોડિયાનો અમૃત મહોત્સવ ઉજવાશે

ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર, સંગીતકાર, ગાયક, નિર્માતા તથા માજી ધારાસભ્ય અને સમાજસેવક નરેશ કનોડિયા તેમના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જીવનના સફળ યાત્રાની ઉજવણીના અવસર 'નરેશ કનોડિયા અમૃત મહોત્સવ'નું તા. ૨૦મી ઓગસ્ટ સોમવારે અમદાવાદના પાલડીમાં રવિન્દ્રનાથ ટાગોર હોલ ખાતે સાંજે ૪.૩૦ કલાકે આયોજન કરાયું છે.

નરેશ કનોડિયા અમૃત મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, વન પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા, શ્રમ રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોર, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે રાજયસભાના સાંસદ, ઝાંઝરકાના સવગુણ સમાધિ સ્થાનના મહંત શંભુનાથજી બાપુ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે.

મોડાસામાં ટાટ પરીક્ષા પેપર લીક કૌભાંડ કરનાર શખ્સના ફોટા ફાડી વિરોધ પ્રદર્શન

ગુજરાત રાજ્ય સરકારમાં વિવિધ સરકારી ભરતીમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમરાણો વચ્ચે ૨૯ જુલાઈના રોજ માધ્યમિક સ્કૂલમાં શિક્ષકોની ભરતી માટે યોગ્યતા કસોટી લેવાઈ હતી. જેમાં અરવલ્લી જીલ્લાના એક શિક્ષક અન્ય બે વ્યક્તિઓ સાથે મળી અને આ કૌભાંડ માં ખેડા જીલ્લાના શિક્ષણ સાથે સાંકળયેલા શિક્ષણ માફિયાઓ પણ સાંકળયેલા હોવાની સાથે પરીક્ષાની આગલી રાત્રીએ કોબા નજીકની એક હોટલમાં પરીક્ષાર્થી દીઠ ૫ થી ૭ લાખ રૂપિયા લેવાયા હોવાના અને પેપર સોલ્વ કરાવવામાં આવ્યા હોવાનો સનસનાટીભર્યા આક્ષેપ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડમાં લેખિત ફરિયાદ કરતા અરવલ્લી જીલ્લામાં હડકંપ મચ્યો છે. ગુરુવારે અરવલ્લી જીલ્લાના ટાટ પરીક્ષા આપનાર યુવાનોએ અરવલ્લી જીલ્લા સેવાસદન પરિસરમાં કથિત સંડોવણી ધરાવતા શિક્ષકના ફોટા ફાડી વિરોધ પ્રદર્શન કરી ટાટ પરીક્ષા રદ કરવાની માંગ કરી અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અટલજીના અંતિમસંસ્કાર

ત્રણેય સેનાઓ દ્વારા વિશેષ શ્રદ્ધાંજલિ અપાઈ : અટલ આત્મા પરમાત્મામાં વિલિન થયો ત્યારે લાખો લોકોના ચહેરા ઉપર ગમગીની હતી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ભાવનાશીલ દેખાયા હતા.
- પુત્રી નમિતા દ્વારા અંતિમ અગ્નિદાહની વિધિ કરવામાં આવી હતી.
- સ્મૃતિ સ્થળ ઉપર વાજપેયીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

- ગઈકાલે ગુરુવારના દિવસે લાંબી માંદગી બાદ અવસાન થયા પછી વાજપેયીના પાર્થિવ શરીરને સાંજે જ તેમના આવાસ પર લઈ જવાયો હતો.
- પાર્થિવ શરીરને રાત્રિ ગાળામાં આવાસ ઉપર રાખવામાં આવ્યો ત્યારે રાત્રિ દરમિયાન સમર્થકો અને નેતાઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.
- વાજપેયીના આવાસ ઉપર પણ શ્રદ્ધાંજલિ આપવા માટે તમામ નેતાઓ પહોંચ્યા જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીયમંત્રી સુષ્મા સ્વરાજ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા

નાયડુ પણ આવાસ પર શ્રદ્ધાંજલિ માટે પહોંચ્યા હતા.

- પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા.
- રાત્રે પાર્થિવ શરીરને આવાસ પર રખાયા બાદ સવારે ભાજપ હેડક્વાર્ટર ખાતે અંતિમ દર્શન માટે તેમના પાર્થિવ શરીરને સવારે રાખવામાં આવ્યો હતો.

- ભાજપ હેડક્વાર્ટર પર પણ તમામ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.
- ભાજપ હેડક્વાર્ટરથી બપોરે વાજપેયીની અંતિમ યાત્રા શરૂ થઈ
- આર્મીની ગાડીમાં વાજપેયીના પાર્થિવ શરીરને તિરંગા ધ્વજમાં લપેટીને લઈ જવામાં આવ્યો હતો.
- વાજપેયીની અંતિમ યાત્રામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ ચાલતા ચાલતા પહોંચ્યા હતા.
- વાજપેયીની અંતિમ યાત્રામાં સમર્થકો ઉમટી પડ્યા
- વાજપેયીના અંતિમ સંસ્કાર કરાયા ત્યારે જુદા જુદા દેશોની હસ્તીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

- સ્મૃતિ સ્થળ ઉપર સેના પ્રમુખ બિપીન રાવત, નૌકા સેના પ્રમુખ એડમિરલ સુનિલ લાંબા, એરચીફ માર્શલ બિરેન્દ્રસિંહ ધનુઆ પણ શ્રદ્ધાંજલિ માટે પહોંચ્યા હતા.
- ફ્રાન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ભુટાન સહિતના દેશોએ પણ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી.
- સ્મૃતિ સ્થળ પર વાજપેયીના અંતિમ સંસ્કાર વેળા તેમની યાદગાર કવિતા સંભળાવવામાં આવી હતી.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, કોંગ્રેસ નેતા ગુલામનબી આઝાદ, આનંદ શર્મા પણ સ્મૃતિ સ્થળ પર પહોંચ્યા હતા.
- કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ સ્મૃતિ સ્થળ પર પહોંચ્યા હતા.
- વાજપેયીની અંતિમ યાત્રામાં લોકોએ ફુલોનો વરસાદ કર્યો
- ભાજપના પીઢ નેતા અડવાણીએ પણ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી
- સશસ્ત્ર અધિકારીઓએ પણ વાજપેયીના પરિવારના સભ્યોને તિરંગો ધ્વજ સોંપ્યો હતો.
- પાકિસ્તાનના કાયદામંત્રી અલી જફર, અફગાનના પૂર્વ પ્રમુખ હમીદ કરઝાઈ, શ્રીલંકાના કારોબારી વિદેશમંત્રી લક્ષ્મણ કેરિલા ઉપસ્થિત રહ્યા
- વાજપેયીને અંતિમ સલામી આપવામાં આવી હતી.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પણ સ્મૃતિ સ્થળ ઉપર પહોંચ્યા હતા.

તલોદના પીએસઆઈની બદલી કરવા વેપારીઆલમની ઉગ્ર માંગ

તલોદ શહેરમાં અત્યાર સુધી અનેક પોલીસ અધિકારી પોતપોતાની ફરજ બજાવી ચુક્યા છે. પરંતુ ખૂબ ટુંકાગાળામાં તલોદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગુન્હાખોરીને ડામવામાં સફળતા મેળવનાર હાલના પી.એસ.આઈ. લોકોના હૃદયમાં વસી ગયા છે. જેઓની બદલી અંગેના સમાચાર તલોદ પંથકમાં વાયુવેગે પ્રસરી જતા વેપારીઆલમ અને સામાન્ય જનતામાં આકોશ ઉભો થયો છે. અને તેઓની બદલી ન કરવા લોક લાગણી ઉભી થઈ છે.

તલોદ પંથકમાં ગુન્હાખોરીને ડામવામાં સફળ રહેલા તલોદના પીએસઆઈ જે.પી. પરમારે તલોદની વેપારી વાણિજ્યનગરમાં અનોખુ સ્થાન મેળવ્યુ છે. જેઓની બદલી થયાના સમાચાર લોકોને પ્રાપ્ત થતા આવા અધિકારીને તલોદમાં જ રહેવા દેવા લોકો પરમારને મળવા તલોદ પોલીસ સ્ટેશને દોડી આવ્યા તા. ખૂબજ ટુંકા ગાળામાં સંપૂર્ણપણે દારૂની બદી, ખૂલ્લેઆમ જુગાર, મારામારી, લૂંટ તથા ચોરી જેવા અન્ય બનાવો અને ગુન્હામાં જડ સુધી પહોંચી તેનુ નિરાકરણ લાવી ગુન્હેગારોને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં સરસપણે સંકોચ કે શરમ ન રાખી આવા જાંબાજ અધિકારી માટે લોકજુવાળ જોવા મળી રહ્યો છે.

સિવિલ સંકુલમાંથી વધુ બે વાહનો ચોરાયા

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર સિવિલ સંકુલમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. સિવિલ કેમ્પસમાંથી સમયાંતરે વાહનચોરીના બનાવો બનતા રહે છે. સિવિલમાં આવતા નાગરીકો આડેધડ વાહનો પાર્ક કરતા હોવાથી ચોર ઈસમોને મોકળું મેદાન મળ્યું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે તાજેતરમાં સિવિલ સંકુલમાંથી વધુ બે બાઈક ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આડેધડ વાહનનો ખડકલો જોવા મળી રહ્યો છે. સિવિલમાં પાર્કીંગ હોવાછતા ગમે ત્યાં વાહનો પાર્ક કરાતા હોવાથી નાગરીકોના વાહન ચોરી થવાના કિસ્સા બને છે. તેમ છતા નાગરીકો કેમ્પસ અડચણ રુપ વાહનો મુકી પલાયન થઈ જાય છે. સિવિલમાં વાહનો સલામત રહ્યા નથી તેમ છતા વાહન માલિકો માર્ગ વચાળે વાહનો પાર્ક કરી દેતા તંત્ર પણ મુંજવણમાં મુકાઈ ગયું છે. નવી બિલ્ડીંગની બાજુમાં તેમજ પીએમની સામેની બાજુમાં પાર્કીંગ માટેના ખુલ્લા પ્લોટ હોવા છતા ઓપીડી સામે તેમજ તાત્કાલીક સારવાની આસપાસ વાહનનો ખડકલો જોવા મળે છે. જયારે કર્મચારી દ્વારા વાહન પાર્કીંગમાં મુકવાનું જણાવવામાં આવે તો વાહન માલિક ધુંઆપુંઆ થઈ જાય છે. ત્યારે તાજેતરમાં સિવિલ કેમ્પસમાંથી બે બાઈક ચોરી થવાના કિસ્સા બન્યા છે. ફરીવાર ચોર ઈસમો માટે કેમ્પસ સોફ્ટ ટાર્ગેટ બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

દોલારાણા વાસણા પાસે નદીમાંથી મૃત અજગર મળ્યો

ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણા ગામ પાસેથી પસાર થતી સાબરમત્તી નદીમાંથી આજે મૃત હાલતમાં રોક પાયથન નામનો અજગર મૃત હાલતમાં મળી આવ્યો હતો. સાબરકાંઠા પાસે માછીમારોએ બિછાવેલી જાળમાં ફસાયેલો અજગર નેટમાંથી નિકળવામાં નિષ્ફળ રહેતા નદીના વહેંણમાં તણાંયેલો અજગર આજે દોલારાણા વાસણા પાસેથી નદીમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ અજગર ૭.૫ ફુટનો છે. જયારે સ્નેક સ્કોવોર્ડને આ અંગે જાણ થતા સ્થળ પર પહોંચેલી ટીમે આ મામલે વનવિભાગને જાણ કરી હતી. વન વિભાગનુ તંત્ર સ્થળ પર પહોંચી ગયુ હતુ. વનતંત્રએ મોતનુ કારણ જાણવા અજગરની પી એમ વિધિ પુર્ણ કર્યા બાદ અંતિમક્રીયા કરી હતી.

અનંતમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાજપેયીના અગાઉ ભાજપ હેડ ક્વાર્ટર્સ ખાતે અંતિમ દર્શન કરવામાં આવ્યા હતા. તે પહેલા વાજપેયીના પાર્થિવ શરીરને ગઈકાલે ગુરુવારના દિવસે સાંજે અવસાન થયા બાદ તેમના આવાસ ઉપર લઈ જવામાં આવ્યા હતા. રાત્રે આવાસ ઉપર પાર્થિવ શરીરને રાખવામાં આવ્યા બાદ આવાસ ઉપર પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ, બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ સહિત તમામ લોકોએ શ્રદ્ધાંજલિ આપી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ પહોંચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. રાત્રી ગાળામાં તેમના પાર્થિવ શરીરને આવાસ પર રખાયા બાદ આજે સવારે પાર્ટી હેડક્વાર્ટર ખાતે લાવવામાં આવ્યો હતો જ્યાં પણ તેમના સમર્થકો ઉમટી પડ્યા હતા. ભાજપ હેડક્વાર્ટરથી બપોરના ગાળામાં તેમની અંતિમ યાત્રા શરૂ થઈ હતી. વાજપેયીના પાર્થિક શરીરને તેમના આવાસ પર રાખવામાં આવ્યા બાદ હવે ભાજપ હેડ ક્વાર્ટર ખાતે લઈ જવામાં આવ્યો હતો. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું ગઈકાલે બપોર બાદ એમ્સમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. તેઓ ૯૩ વર્ષના હતા. વાજપેયીને યુરિન ઈન્ફેક્શન અને કિડની સંબંધિત તકલીફના કારણે ૧૧મી જૂનના દિવસે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડાયાબિટીસની તકલીફ પણ તેમને હતી. વાજપેયી છેલ્લા ઘણા સમયથી એક જ કિડની પર ચાલી રહ્યા હતા. શરીરના અનેક ભાગ વધતી વયના કારણે કામ કરવાનું બંધ કરી ચુક્યા હતા. છેલ્લા બે દિવસથી તેમની તબિયત ખુબ બગડી ગઈ હતી. ત્યારબાદથી જ તેમના આરોગ્યને લઈને કોઈ આઘાતજનક સમાચાર આવશે તેને લઈને છેલ્લા ૨૪ કલાકથી લોકો ચિંતિતરીતે વિચારી રહ્યા હતા અને આખરે આંજે પાંચ વાગે ચિંતા મુજબ જ નિરાશાજનક સમાચાર આવ્યા હતા અને વાજયેપીના અવસાન અંગેના સમાચાર જાહેર કરવામાં આવ્યા હતા.

જળપ્રલય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસ્થાઓની સાથે સાથે આર્મી, નેવી અને આર્મીના જવાનો બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે. એનડીઆરએફની ટીમો પણ સહાયમાં લાગેલી છે. કોચી એરપોર્ટને ૨૬મી ઓગષ્ટ સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેરળના અનેક જિલ્લા અસરગ્રસ્ત થયા છે. જે પૈકી ૧૨ જિલ્લામાં સૌથી વધારે અસર થઈ છે. ૧૯૨૪બાદથી હજુ સુધી સૌથી વિનાશકારી પુર તરીકે આને ગણવામાં આવે છે. કેરળમાં ભારે વરસાદના લીધે ભારે તબાઈ થઈ છે. પેરિયાર નદીમાં રૌદ્ર સ્વરૂપની સ્થિતી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાહાકાર મચી ગયો છે. જે વિસ્તારોમાં સૌથી વધારે અસર થઈ છે તેમાં ઈડુક્કી, મલપ્પુરમ, વાયનાડ જિલ્લાવો સમાવેશ થાય છે. વાયનાડ, પલક્કડ અને કોઝીકોડે જિલ્લામાં પણ હાલલ કફોડી બનેલી છે. ઈડુક્કીના અડીમાલી શહેરમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા થઈચુક્યા છે. અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઈડુક્કી બંધમાં પાણીની સપાટી ખુબ વધી જતાં જુદા જુદા દરવાજા ખોલવા પડ્યા હતા. મુખ્યમંત્રી પિનારાય વિજયને કહ્યું છે કે, આર્મી, નેવી, કોસ્ટ ગાર્ડ અને એનડીઆરએફની મદદ અસરગ્રસ્ત વિસ્તારોમાં લેવામાં આવી છે. એનડીઆરએફની જુદી જુદી ટીમો સક્રિય છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે કોઝીકોડ અને વાલાયર વચ્ચે રેલવે ટ્રેકને પણ ભારે નુકસાન થયું છે. આ રુટ ઉપર રેલવે સેવા રોકી દેવામાં આવી છે. કોઝીકોડ અને વાયનાડ જિલ્લામાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાલત કફોડી બનેલી છે. એનડીઆરએફની એક ટીમ કોઝીકોડે પહોંચી ચુકી છે. કેન્દ્રમાંથી ઉત્તર કેરળ માટે બે ટીમોને મોકલવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઈડુક્કી, કોલ્લામ અને અન્ય કેટલાક જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

મેઘરાજા મહેરબાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. જયારે ગઈકાલથી વાતાવરણમાં વધતા ઉકળાટ વચ્ચે વરસાદની શક્યતા પ્રબળ બની હતી. આખરે વહેલી સવારે પાંચ વાગે વરસાદી વાદળો ગાજવીજ સાથે વરસી પડતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ હયુ હતુ. ધોધમાર વરસાદના લીધે સેકટરોમાં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. મુખ્ય માર્ગો અને સેકટરોના આંતરિક વિસ્તારો સહીત કોમન પ્લોટમાં વરસાદી પાણી ઉભરાતુ નજરે પડયુ હતુ. સેકટરોમાં વૃક્ષો ધરાશાયી થવા ઉપરાંત માર્ગો પર ઠેર ઠેર ગાબડા પડયા હતા. રજાના દિવસે મેઘમહેરથી ખુશ્નુમા વાતવરણની નગરજનોએ મજા માંણી હતી. જયારે ભારે વરસાદના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.

ડહોળાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે સ્થાનિક નેતાગીરીએ મૌન ધારણ કર્યુ છે અને રાજીનામાનો સિલસિલો આગળ વધે તે પૂર્વે જ પ્રદેશ નેતાગીરીને દરમ્યાનગીરીની વાત ઉઠવા પામી છે. કેટલાક આગેવાનો તો અસંતુષ્ટો ભાજપ સાથે હાથ મિલાવી પંચાયતને અસ્થિર કરવાની વાતો કરતા પણ થઈ ગયા છે.

વડોદરાના નાયબ નિયામકને રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત

તલોદ, તા. ૧૭

ઝાલોદ તાલુકાના લીમડી બીલવાણીની વતની અને પોલીસ વિભાગમાં પીએસઆઈથી પોતાની કારકિર્દીનો આરંભ કરનાર હાલ વડોદરામાં એસીબીમાં નાયબ નિયામક તરીકે ફરજ બજાવતા નિવૃત્ત પી.આર. ગેહલોતને ૭૨માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. પોતાની પોલીસ વિભાગમાં કરેલી પ્રસંસનીય અને વિશિષ્ટ સેવા બદલ રાષ્ટ્રપતિના હસ્તે બે વાર એવોર્ડ મેળવનાર અધિકારી બન્યા છે અને ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. જેઓને દેશભરમાંથી અભિનંદન પુષ્પવર્ષા પ્રાપ્ત થઈ છે.

ગુજરાત પોલીસતંત્રમાં પીએસઆઈથી પોતાની કારકિર્દીનો આરંભ કરનાર પી.આર. ગેહલોત પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પ્રસશંનીય કામગીરી કરી પોતાનું યોગદાન આપ્યુ હતુ. પોલીસતંત્રની ફરજો દરમ્યાન પી.આર. ગેહલોતે અનેક ગુનાઓના ભેદ ખોલીને રાજ્યમાં તરખાટ મચાવનાર અનેક ગેંગોનો પર્દાફાશ કરેલો છે જેમાં તેમને ૬૦૦ ઉપરાંત ઈનામો આપવામાં આવેલા છે. દરમ્યાન ૧૯૯૯માં પ્રસશનીય સેવા બદલ રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરેલો છે.